દાખલ તારીખ : ૦૬–૦૧–૨૦૨૬
રજી. તારીખ : ૦૬–૦૧–૨૦૨૬
ફેસલ તારીખ : ૦૮–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

સત્યમેવ જયતે

**ધોરાજીના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ,**

**મું. ધોરાજી.**

**ફોજ. કે. નં.૪૬/૨૦૨૬**
**આંક–**

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી – મોહસીનમીયા ઇબ્રાહીમમીયા કલીવાલા,
રહે.બહારપુરા, મોરી મસ્જીદ પાસે, ધોરાજી.

ગુન્હો – **પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) તથા ૮૫(૧) મુજબ.**

=====================================================

ફરીયાદપક્ષે – વિ.એ.પી.પી.શ્રી જે. વી. જોષી
આરોપીપક્ષે – વિ.વ.શ્રી એચ. પી. માલવી

=====================================================

// ઠરાવ //

૧. ફરીયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, ગઇ તા.૦૮.૦૯.૨૦૨૫ ના રોજ કલાક–૦૦:૦૫ વાગ્યા થી ૦૦:૩૫ વાગ્યાના અરસામા મોજે ધોરાજી સીટી પો.સ્ટે. ગ્રાઉન્ડમાં જાહેરમાં, ધોરાજી ખાતે આ કામના આરોપીએ ગેરકાયેદસર રીતે પાસ પરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પો.સ્ટે. ગ્રાઉન્ડમાં લથડીયા ખાતો, બકવાસ કરતો મળી આવી, પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી) તથા ૮૫(૧) મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ આરોપી સામે છે. જે સંબંધે ફરિયાદી પો.હે.કોન્સ. નારણભાઇ કરશનભાઇ પંપાણીયાનાએ ફરિયાદ કરતાં

જે ફરિયાદ ધોરાજી સીટી પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૨૧૩૦૧૦૨૫૦૪૫૬/૨૦૨૫ થી તા.૦૮.૦૯.૨૦૨૫ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

**૨.** ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ. જેથી આરોપી હાજર થતાં ગુના વિશે સમજ કરી, આંક-૦૩ થી આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈનકાર કરવામાં આવેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે. સદર કામે અત્રેની અદાલત દ્વારા આરોપી વિરૂધ્ધ પ્રોહી.૮૫(૧) મુજબનો ગુન્હો બનતો ન હોવાનું જણાય આવતા અત્રેની અદાલત દ્વારા આંક-૧૫ નીચે આરોપીને પ્રોહી.૮૫(૧) ના ગુન્હા પુરતો બીનતહોમત છોડી પ્રોહી. એક્ટની કલમ-૬૬(૧)(બી) પુરતો કેસ આગળ ચલાવવા હુકમ કરેલ છે.

**3.** ફરિયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-:<u>મૌખિક પુરાવોઃ</u>-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી નારણભાઇ કરશનભાઇ પંપાણીયાની જુબાની | ૦૪ |
| ૨ | પંચસાહેદ નિલેશભાઇ હરજીભાઇ ભાસ્કરની જુબાની | ૦૬ |
| ૩ | પંચસાહેદ પ્રવિણભાઇ પ્રભુદાસભાઇ હિંડોચાની જુબાની | ૦૮ |
| ૪ | ત.ક.અ. મહેશભાઇ રૈયાભાઇ રાડાની જુબાની | ૦૯ |

**–:<u>દસ્તાવેજી પુરાવો</u>:–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૫ |
| ૨ | પંચનામુ | ૦૭ |
| ૩ | ફોર્મ–એ | ૧૦ |
| ૪ | ફોર્મ–બી | ૧૧ |

**૪.** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. વધુમાં આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૫.** ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા.૦૮.૦૯.૨૦૨૫ ના રોજ કલાક–૦૦:૦૫ વાગ્યા થી ૦૦:૩૫ વાગ્યાના અરસામા મોજે ધોરાજી સીટી પો.સ્ટે. ગ્રાઉન્ડમાં જાહેરમાં, ધોરાજી ખાતે આ કામના આરોપીએ ગેરકાયેદસર રીતે પાસ પરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પો.સ્ટે. ગ્રાઉન્ડમાં લથડીયા ખાતો, બકવાસ કરતો મળી આવી, પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૬.** મારા જવાબ નીચે મુજબ છે:–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: <u>કારણો</u> :-**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :-</u>**

**૭.** આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. સદર કામે આંક-૦૭ થી રજુ પંચનામાની હકીકતો પુરવાર કરવા અનુક્રમે પંચસાહેદ નિલેશભાઈ હરજીભાઈ ભાસ્કરને આંક-૦૬ થી તથા પંચસાહેદ પ્રવિણભાઇ પ્રભુદાસભાઈ હિંડોચાને આંક-૦૮ થી તપાસેલા છે. સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમિયાન આંક-૦૭ થી રજુ પંચનામા રજુ રાખે છે, પરંતુ પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા પંચસાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી ઉલટતપાસમાં સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચસાહેદો પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપતાં નથી. આમ, સદર પંચસાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ તથા ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી.

૯. હાલના કામે ફરિયાદપક્ષે આંક-૦૪ થી ફરિયાદી નારણભાઇ કરશનભાઈ પંપાણીયાનાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, તા.૦૭.૦૯.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ સાથે પો.સ્ટે. તાબાના વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા ત્યારે પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને પોલીસ સ્ટેશન ખાતે ગ્રાઉન્ડમાં એક ઇસમ

બકવાસ કરતો હોય જે શંકાસ્પદ હાલતમાં જોવામાં આવતા તેને પકડી લઇ લાઇટના અજવાળે લઇ મજકુરને ચેક કરતા તે કેફી પ્રવાહી પીધેલ હાલતમાં હોય જેથી તુરત જ બે રાહદારી પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી પંચોની રૂબરૂ મજકુરનુ નામ પુછતા તેણે પોતાનુ નામ મોહસીનમીયા ઇબ્રાહીમમીયા કલીવાલ, રહે. ધોરાજી બહારપુરાવા વાળો હોવાનુ થોથરાતી જીભે જણાવેલ. મજકુરના મોઢામાંથી કેફી પ્રવાહી પીધેલની ખાટી અને તીવ્ર વાસ આવતી હતી તથા તેની આંખો જોતા નશા તળે લાલઘુમ હોવાનુ જણાઇ આવેલ અને તેઓને હલાવી ચલાવી જોતા પોતાના શરીરનુ સમતોલપણુ જાળવી શકતા ન હોય તેની પાસે આવુ કેફી પ્રવાહી પી વાહન ચલાવવા બાબતે કોઇ પાસ પરમીટ કે આધાર માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી મજકુર ઇસમને ધોરણસર અટક કરવામાં આવેલ. બાદ મજકુર ઇસમ વિરૂદ્ધ તેઓએ સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ. ત્યારબાદ પી.એસ.ઓ. દ્વારા આ ગુન્હાની આગળની તપાસ એ.એસ.આઇ.મહેશભાઇ રૈયાભાઇ રાડા નાઓને સોંપવામાં આવેલ.

ઉપરોકત ફરિયાદપક્ષના ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પંચો અગાઉ પણ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલા છે. કહેવાતી ફરિયાદ તથા પંચનામુ બંન્ને એમ.આર.રાડા રૂબરૂના છે અને આ કામની તપાસ પણ તેઓ જ કરેલ છે. બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે અને ત્યાં સતત માણસોની અવર-જવર ચાલુ હોય છે. કોઇ વ્યક્તિએ કેફી પદાર્થનું સેવન કરેલ છે કે કેમ તે તેઓ તબીબી અભિપ્રાય સિવાય કહી શકે નહિં. તેઓના પો.સ્ટે.માં બ્રીધ એનલાઇઝર મશીન આપવામાં આવેલ છે. કહેવાતા આરોપીએ

કેફી પદાર્થનું સેવન કરેલ હોય તે બાબતે સ્થળ ઉપર કોઈ બ્રીધ એનલાઈઝ ટેસ્ટ કરવામાં આવેલ નથી.

**૧૦.** હાલના કામે ફરિયાદપક્ષે આંક-૦૯ થી સાહેદ મહેશભાઇ રૈયાભાઇ રાડાનાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, તા.૦૭.૦૯.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ સાથે પો.સ્ટે. તાબાના વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા ત્યારે પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને પોલીસ સ્ટેશન ખાતે ગ્રાઉન્ડમાં એક ઇસમ બકવાસ કરતો હોય જે શંકાસ્પદ હાલતમાં જોવામાં આવતા તેને પકડી લઇ લાઇટના અજવાળે લઈ મજકુરને ચેક કરતા તે કેફી પ્રવાહી પીધેલ હાલતમાં હોય જેથી તુરત જ બે રાહદારી પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી પંચોની રૂબરૂ મજકુરનુ નામ પુછતા તેણે પોતાનુ નામ મોહસીનમીયા ઇબ્રાહીમમીયા કલીવાલ, રહે. ધોરાજી બહારપુરાવા વાળો હોવાનુ થોથરાતી જીભે જણાવેલ. મજકુરના મોઢામાંથી કેફી પ્રવાહી પીધેલની ખાટી અને તીવ્ર વાસ આવતી હતી તથા તેની આંખો જોતા નશા તળે લાલઘુમ હોવાનુ જણાઈ આવેલ અને તેઓને હલાવી ચલાવી જોતા પોતાના શરીરનુ સમતોલપણુ જાળવી શકતા ન હોય તેની પાસે આવુ કેફી પ્રવાહી પી વાહન ચલાવવા બાબતે કોઇ પાસ પરમીટ કે આધાર માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી મજકુર ઇસમને ધોરણસર અટક કરવામાં આવેલ. બાદ મજકુર ઇસમ વિરૂદ્ધ પો.હે.કો.નારણભાઇ પંપાણીયા નાઓએ સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ. ત્યારબાદ પી.એસ.ઓ. દ્વારા આ ગુન્હાની આગળની તપાસ તેઓને સોંપવામાં આવેલ. આરોપીને તેઓ ઓળખે છે.

ઉપરોકત ફરિયાદપક્ષના સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે

કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પંચો અગાઉ પણ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલા છે. કહેવાતી ફરિયાદ તથા પંચનામુ તેઓ રૂબરૂના છે અને આ કામની તપાસ પણ તેઓએ જ કરેલ છે. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં સતત માણસોની અવર–જવર ચાલુ હોય છે. તેઓએ પોલીસ કર્મચારી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. કોઈ વ્યક્તિએ કેફી પદાર્થનું સેવન કરેલ છે કે કેમ તે તેઓ તબીબી અભિપ્રાય સિવાય કહી શકે નહિં. તેઓના પો.સ્ટે.માં બ્રીધ એનલાઈઝર મશીન આપવામાં આવેલ છે. કહેવાતા આરોપીએ કેફી પદાર્થનું સેવન કરેલ હોય તે બાબતે સ્થળ ઉપર કોઈ બ્રીધ એનલાઈઝ ટેસ્ટ કરવામાં આવેલ નથી. તેઓએ આ કામે આરોપીની મેડિકલ તપાસણી અંગેના ફોર્મ–સી રજૂ કરેલ નથી.

**૧૧.** સદર કામે રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લેતા, સદર કામે મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ ૧૯૪૯ નાં રૂલ–૪(૨) ધ્યાને લેવું જરૂરી જણાય છે નીચે મુજબ છે.

"The sample blood collected in the phial in the manner stated in sub–rule shall be forwarded for test to the testing officer either by post or with a special messenger. So as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monigram used for sealing the phial or the sample blood."

ઉપરોકત નિયમમાં કરવામાં આવેલી જોગવાઈઓ જોવામાં

આવે તો લીધેલ લોહીનો નમુનો ચકાસવા માટે લોહી લીધા તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફિસરને મળી જાય તે રીતે પોસ્ટ મારફત અથવા ખાસ સંદેશાવાહક સાથે મોકલાવવું જોઈએ અને તેની સાથે ફોર્મ–બી માં એક પત્ર સામેલ કરવો કે જેમા નમુનાનું લીધેલ લોહીની શીશીને સીલ કરવા માટે વાપરેલ સીલ અથવા મોનોગ્રામની પ્રતિકૃતિ હોવી જોઈએ.

**૧૨.** સદર કામની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત સાહેદોના પુરાવા રજૂ કરવામાં આવેલ છે, તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી. વધુમાં, સદર કામે રજૂ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો ફરિયાદ હકીકત મુજબનો ગુનો ગઈ તા.૦૮.૦૯.૨૦૨૫ ના રોજ કલાક–૦૦:૦૫ વાગ્યા થી ૦૦:૩૫ વાગ્યે બનેલ છે. સદર કામે આંક–૧૧ થી રજૂ ફોર્મ–બી આધારે લોહીની તપાસણી અર્થે ઈસમના શરીરમાંથી લોહી લઈ શીલ કરી તે નમુનો પરીક્ષણ માટે મોકલી ત્યાંથી એફ.એસ.એલ. માં પોસ્ટ દ્વારા મોકલી આપેલાનું જણાય છે, પરંતુ સદર કામે ફરિયાદપક્ષે આરોપીએ કેફી પ્રવાહી પીધેલ હોવા સંબંધે ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરેલ નથી. આમ, રેકર્ડ પરનો તમામ પુરાવો લક્ષમાં લેતા બોમ્બે પ્રોહી. એકટના મેન્ડેટરી રૂલનું પાલન કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલાનું જણાઈ આવે છે અને જે મેન્ડેટરી છે તે નિયમોનું જ પાલન કરેલ ન હોય ત્યારે આરોપીને સજા કરી શકાય નહીં અને મેન્ડેટરી રૂલ્સનું પાલન કરેલ છે તેવું ફરિયાદપક્ષ જો સાબિત કરતો ન હોય ત્યારે સાબિતનો બોજો

આરોપી પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. હાલના કિસ્સામાં જે બોમ્બે પ્રોહી.એકટના મેન્ડેટરી પ્રોવીઝન છે તેનું પાલન કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે અને જેને અનુસરવાનું ફરજીયાત છે, પરંતુ ફરિયાદપક્ષ તેને અનુસરેલ નથી અને મેન્ડેટરી પ્રોવીઝનનું ઉલ્લંઘન કરેલ છે. જેથી આવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાર ઠરાવવો યોગ્ય ન હોય મુદ્દા નં.૧ નો જવાબ "**નકાર**" માં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

**૧.** આરોપી મોહસીનમીયા ઈબ્રાહીમમીયા કલીવાલા, રહે.બહારપુરા, મોરી મસ્જીદ પાસે, ધોરાજીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ તા.૦૮, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

સ્થળઃ-ધોરાજી.
તા.૦૮/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
**(જજ કોડ-જીજે૦૧૨૫૮)**